# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧/૬/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# ડિસરપ્શન થાય ત્યાં કેપીટલ મોટી થાય છે : શ્રી દેવેન ચોકસી

## 'ચૂંટણી પછી ભારતીય અર્થતંત્ર અને શેરબજારની સ્થિતિ' વિશે ચેમ્બરમાં અવેરનેસ સેશન યોજાયુ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગઇકાલે તા. ૩૧ મે ૨૦૧૯ના રોજ સાંજે ૫:૦૦ કલાકે 'ચૂંટણી પછી ભારતીય અર્થતંત્ર અને શેરબજારની સ્થિતિ' વિષય ઉપર અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે કે.આર. ચોકસી ઇન્વેસ્ટમેન્ટ મેનેજર્સ પ્રા.લિ.ના શ્રી દેવેન ચોકસીએ જ્યાં ડિસરપ્શન થાય ત્યાં કેપીટલ મોટી થાય છે તેમ જણાવી રોકાણકારોને જરૂરિયાત મુજબ રોકાણ કરવાની દિશામાં માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્દબોધનમાં જણાવ્યુ હતુ કે, દેશની ઇકોનોમી આપણી સાથે સંકળાયેલી હોય છે. એક સ્થિર સરકાર લાંબાગાળાની ઇકોનોમીને સસ્ટેન કરવા માટે પ્રયાસ કરતી હોય છે. ઇકોનોમીને આગળ લઇ જવા માટે કન્ટીન્યુટી પણ મહત્વની છે. ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ માટે પણ સ્થિર સરકાર ખૂબ જ જરૂરી છે.

શ્રી દેવેન ચોકસીએ વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, ઇન્ફ્રાસ્ટ્રકચર ઝડપી રીતે વધી રહયુ છે. દેશમાં ૭૭ નવા એરપોર્ટ બનવા જઇ રહયા છે. ઘણા બધા રેલવે સ્ટેશનો અદ્યતન થઇ રહયા છે. નવા પોર્ટ્સ ઉભા થઇ રહયા છે અને અદ્યતન થઇ રહયા છે. નવા વોટર વે શરૂ થઇ રહયા છે. હાઉસિંગ પ્રોજેકટના ભાગરૂપે રૂરલ વિસ્તારમાં પણ હવે દરેકને ઘર આપવામાં આવનાર છે. સિમેન્ટ, સ્ટીલ, એલ્યુમિનિયમ અને કોપર બનાવતી કંપનીઓને લાભ થશે. આ કંપનીઓ સંભવિત ૨૦થી ૨૫ ટકાનો ગ્રોથ કરશે. આથી રોકાણકારો માટે હાઉસિંગ ફાયનાન્સ ક્ષેત્ર પોઝીટીવ દેખાઇ રહયું છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, આજના યુવા વર્ગની હાલત એવી છે કે સ્કૂલ–કોલેજમાંથી ભણીને બહાર પડયા બાદ નોકરી માટે તેઓનું શિક્ષણ કામ લાગતુ નથી. નોકરીના સ્થળે તેઓને અન્ય સ્કીલ શીખવી પડે છે. આથી શિક્ષણ

પદ્ધતિમાં બદલાવ લાવવો પડશે. દેશની કુલ વસતિના ૫૫ ટકા લોકોનો ૩૦ વર્ષથી ઓછી ઉંમરના યુવા વર્ગમાં સમાવેશ થાય છે. મહિનામાં ૧૦ લાખ નવા લોકો નવા જોબ્સ માટે બહાર પડી રહયા છે. આથી માસ લેવલ ઉપર ડેવલપમેન્ટ કરવુ પડશે. આંત્રપ્રિન્યોર્સને પણ ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં વધુ અપેક્ષાઓ રહેશે. પાંચ વર્ષ પછી બિઝનેસ કેવો દેખાશે તે અત્યારથી જ વિચારવુ પડશે.

તેમણે વધુમાં કહયુ કે, બેંકની સિસ્ટમ નબળી થઇ ગઇ છે. બેંકની લેન્ડ કરવાની કેપેસિટી પુરી થઇ ગઇ છે. વર્ષ ૨૦૧૯થી ૨૦૨૨ સુધીનો પીરીયડ કન્ટીન્યુટીનો રહેશે. ઇન્સ્યુરન્સની સ્કીમની જાહેરાત બાદ ઇન્સ્યુરન્સ પ્રિમિયમ વધી ગયા છે. આવતા દસ વર્ષમાં ઇન્સ્યુરન્સ બિઝનેસ ખૂબ વધશે.

શ્રી ચોકસીએ જણાવ્યુ હતુ કે, નવી ટાઉનશિપ ડેવલપ થઇ રહી છે. આથી માલના વહન માટે કમર્શિયલ વ્હીકલ બનાવતી કંપનીઓનો ગ્રોથ થશે. લોકોની ખરીદશકિત વધી જશે અને ફિક્સ ડિપોઝીટને બદલે લોકોનું ઇકવીડીટીમાં રોકાણ વધી જશે. વર્ષ ૨૦૨૫ સુધીમાં ભારતની ઇકોનોમી ૫ ટ્રીલિયન ડોલર બનશે. આથી ભારતની ઇકોનોમી અમેરિકા, ચાઇના અને જાપાન બાદ ચોથા સ્થાન ઉપર આવી જશે. તેમણે કહયુ કે, ડિસરપ્શન થાય ત્યાં કેપીટલ મોટી થાય છે. આથી રોકાણકારોએ જરૂરિયાત મુજબ જ સમજી વિચારીને રોકાણ કરવુ પડશે.

અવેરનેસ સેશનમાં વકતાશ્રીએ સર્વેના સવાલોના જવાબ આપ્યા હતા. અંતે ચેમ્બરના મેનેજિંગ કમિટી સભ્ય ડો. અનિલ સરાવગીએ વકતા તથા ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.